# માત્રા મજમુદારને એશિયન અમેરિકન હિરો એવોર્ડ એનાયત

(રાજેશ શાહ દ્વારા) બે એરિયા, તા. ૧૬ કેલિફોર્નિયાના પાલો આલ્ટો શહેરના ડાઈવર્સીટી વેલનેસ કમીટી જે YMCA ગ્રુપ ગણાય છે તેના પ્રમુખ માત્રા મજમુદારને હેલ્થ અને હ્યુમન સર્વિસીઝ વિભાગમાં ૨૦૦૯ના વર્ષ માટે એશિયન અમેરિકન હિરોના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતાં.

હાલમાં માત્રા મજમુદારે બે એરિયામાં હેલ્થ અને સાંસ્કૃતિક સેમિનાર, પ્રોગ્રામ, વર્કશોપનું આયોજન કરી સમાજના વિવિધ વર્ગોમાં જાગૃતિ અને એકતા લાવવાનું અભિયાન શરૂ કરેલ છે.

માત્રા મજમુદાર એસોસિએશન ઓફ ઈન્ટરનેશનલ યોગા થેરાપીના બોર્ડના સભ્ય છે. છેલ્લાં ૩૦ વર્ષથી માત્રા મજમુદારે હેલ્થકેર ક્ષેત્રે યોગા થેરાપીનો વ્યાપક રીતે પ્રચાર અને ઉપયોગ કરાવીને સમાજના વિવિધ ક્ષેત્રે લોકોના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો કરવાના કાર્યમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

માત્રા મજમુદાર હેલ્થ અને હ્યુમન સર્વિસીસ ક્ષેત્રે ઈમીગ્રન્ટ સ્ટેટસ ધરાવતાં સિનિયરો, સ્ત્રીઓ અને યુવકોને કેન્દ્રમાં રાખીને યુનાઈટેડ વે જેવી સંસ્થાઓની બરોબરી કરે તેવી ઈન્ડો અમેરિકન કોમ્યુનિટી સર્વિસ સેન્ટર જે નોન પ્રોફિટ સંસ્થા છે તેના પાયાના સ્થાપક છે. ભારત ઉપખંડમાંથી અમેરિકા સ્થિર થવા આવતા ઈમિગ્રન્ટ લોકોને હેલ્થ વિષે સુમાહિતગાર કરવા હેલ્થ કોન્ફરન્સ તથા સામાજીક ક્ષેત્રે ઉદ્‌ભવતા પેચિદા પ્રશ્નોને હલ કરવા કોન્ફરન્સનું સાન હોઝે રાજ્યના વેલ્ફેર ડિપાર્ટમેન્ટ તથા વિશ્વવિખ્યાત સ્ટેનફર્ડ યુનિર્વસીટીના સહયોગમાં આયોજન કરે છે. અત્રે એ નોંધવું રસપ્રદ છે કે માત્રા મજમુદાર એ સૌપ્રથમ ઈન્ડિયન અમેરિકન છે કે જેણે ૩૦૦ માઈલની Ridge Trail સ્વીમીંગ સ્પર્ધામાં બે એરિયા રીજ કાઉન્સીલ તરફથી તાજેતરમાં બહુમાન પ્રાપ્ત કરેલ છે. માત્રા મજમુદારે YMCA આયોજીત ૧૦૦ માઈલ સ્વીપર સ્પર્ધામાં પણ સફળ પૂરવાર થયેલ છે તે ભારત અને સમગ્ર વિશ્વ માટે ગૌરવ લેવા જેવી વાત છે.

## માત્રાએ બે એરિયામાં હેલ્થ, સાંસ્કૃતિક સેમિનાર દ્વારા સમાજમાં જાગૃતિ ફેલાવી છે